



# ફ્રન્ટિયર એરલાઈન્સના એન્જિનમાં માણસ કચડાયો

**રનવે** પર મોતનું તાંડવ

**ટેક-ઓફ** વખતે વિમાન સાથે અથડાતા રાહદારીનું કમકમાટીભર્યું મોત

**સ્લાઇડ** ઇવેક્યુએશન: ૨૩૧ મુસાફરોનો આબાદ બચાવ, જીવ બચાવવા સ્લાઇડથી કૂધા

ડેનવર, તા. 9: ડેનવરથી લોસ એન્જિનિયલ્સ જઈ રહેલા વિમાન સાથે રનવે પર એક અજાણ્યો શખ્સ અથડાતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. એરપોર્ટની સુરક્ષા દીવાલ કૂદીને અંદર ઘૂસેલો આ શખ્સ રનવે પર આવી જતાં વિમાનના એન્જિનની ઝપટમાં આવી ગયો હતો, જેના કારણે લાશના ટુકડા થઈ ગયા હતા. અકસ્માત બાદ વિમાનના એન્જિનમાં આગ લાગી ગઈ હતી અને મુસાફરોને તાત્કાલિક બહાર કાઢવા પડ્યા હતા.

દુર્ઘટના બાદ પ્લેનમાં અફરાતફરી મચી ગઈ હતી. એરબસ A321માં સવાર ૨૨૪ મુસાફરો અને ૭ ક્રૂ મેમ્બર્સને તાત્કાલિક ઈમરજન્સી સ્લાઈડ દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં નાના બાળકો પણ જીવ બચાવવા પાઈપ સ્લાઈડ પરથી કૂદતા જોવા મળ્યા હતા. ૧૨ મુસાફરોને સામાન્ય ઈજા થઈ છે.

અમેરિકી પરિવહન સચિવે આ ઘટનાને સુરક્ષામાં મોટી ચૂક ગણાવી છે. તપાસમાં બહાર આવ્યું છે કે રનવે પર મૃત્યુ પામનાર વ્યક્તિ એરપોર્ટનો કર્મચારી નહોતો, પરંતુ બહારથી ઘૂસણખોરી કરનાર શખ્સ હતો. આ ભયાનક દ્રશ્ય બાદ એરપોર્ટ પર થોડો સમય ફ્લાઈટ્સ રોકી દેવામાં આવી હતી અને મુસાફરોને બીજી ફ્લાઈટમાં રવાના કરાયા હતા.

**સૈન્યમાં મોટો ફેરબદલ: વાઈસ એડમિરલ સ્વામીનાથન બનશે નવા નૌસેના વડા**

# દેશના નવા CDS તરીકે લેફ. જનરલ સુબ્રમણીની નિમણૂક

**નિવૃત** લેફ. જનરલ સુબ્રમણી પાકિસ્તાન અને ચીનની બાબતોના નિષ્ણાત મનાય છે, મિલિટરી થિયેટરાઇઝેશન પ્લાનને અમલમાં મૂકવાનું કામ સોંપાયું





નવી દિલ્હી, તા. 9(PTI): લેફ્ટનન્ટ જનરલ એન.એસ. રાજા સુબ્રમણી(નિવૃત્ત)ને ભારતના આગામી ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમનું પ્રાથમિક કાર્ય મહત્વાકાંક્ષી મિલિટરી થિયેટરાઈઝેશન પ્લાનને અમલમાં મૂકવાનો અને ત્રણેય સેનાઓ વચ્ચેના તાલમેળને મજબૂત કરવાનો રહેશે.

સરકારે વાઈસ એડમિરલ કૃષ્ણા સ્વામીનાથનની આગામી નૌસેના વડા તરીકે પણ નિમણૂક કરી છે. સત્તાવાર નિવેદન અનુસાર, લેફ્ટનન્ટ જનરલ સુબ્રમણી વર્તમાન જનરલ અનિલ ચૌહાણનું સ્થાન લેશે, જેઓ દેશના સર્વોચ્ચ સૈન્ય કમાન્ડર છે. જ્યારે વાઈસ એડમિરલ સ્વામીનાથન એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીના અનુગામી બનશે. પાકિસ્તાન અને ચીન મામલે નિષ્ણાત ગણાતા લેફ્ટનન્ટ જનરલ સુબ્રમણી ગત વર્ષે 31 જુલાઈના રોજ આર્મી સ્ટાફના વાઈસ ચીફ તરીકે નિવૃત્ત થયા હતા અને હાલમાં તેઓ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય (NSCS)માં સૈન્ય સલાહકાર તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ 30 મેના રોજ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ તરીકેનો કાર્યભાર સંભાળશે. વાઈસ એડમિરલ કૃષ્ણા સ્વામીનાથન, જેઓ હાલમાં પશ્ચિમી નૌસેના કમાન્ડના વડા છે, તેઓ 31 મેના રોજ ચાર્જ સંભાળશે. જનરલ ચૌહાણ અને એડમિરલ ત્રિપાઠી બંને સેવામુક્ત થઈ રહ્યા છે.

પૂર્વ ઈસ્ટર્ન આર્મી કમાન્ડર જનરલ ચૌહાણે સપ્ટેમ્બર 2022 માં દેશના સર્વોચ્ચ સૈન્ય કમાન્ડર તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. તમિલનાડુમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં પ્રથમ CDS જનરલ બિપિન રાવતના નિધનના નવ મહિના બાદ તેમની નિમણૂક કરવામાં આવી હતી. 40 વર્ષથી વધુની તેમની શાનદાર કારકિર્દીમાં, લેફ્ટનન્ટ જનરલ સુબ્રમણીએ વિવિધ સંઘર્ષો અને ભૌગોલિક વિસ્તારોમાં સેવા આપી છે અને અનેક કમાન્ડ, સ્ટાફ અને શૈક્ષણિક પદો સંભાળ્યા છે. તેમણે 1 જુલાઈ, 2024 થી 31 જુલાઈ, 2025 સુધી આર્મી સ્ટાફના વાઈસ ચીફ તરીકે સેવા આપી હતી અને માર્ચ 2023 થી જૂન 2024 સુધી સેન્ટ્રલ કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ હતા. તેઓ નેશનલ ડિફેન્સ એકેડમી (NDA) અને ઈન્ડિયન મિલિટરી એકેડમી (IMA) ના સ્નાતક છે. 14 ડિસેમ્બર, 1985 ના રોજ તેઓ ગઢવાલ રાઈફલ્સની આઠમી બટાલિયનમાં કાર્યરત થયા હતા.

**FBIના દસ્તાવેજો: ૧૯૬૦માં જોયા હતા ૪ ફૂટના 'રહસ્યમય જીવો'**

# અમેરિકામાં UFO ફાઇલો સાર્વજનિક: રહસ્યમય જીવો અને સ્પેસ સૂટનો ખુલાસો

વોશિંગ્ટન ડીસી, તા. 9: અમેરિકામાં શુક્રવારે લાંબા સમયથી ચર્ચામાં રહેલી યુએફઓ ફાઇલોનો પ્રથમ જથ્થો જાહેર કરવામાં આવ્યો. ટ્રમ્પ વહીવટીતંત્રે સેંકડો નવા વીડિયો, ફોટા અને જૂના સરકારી રેકોર્ડ્સ સાર્વજનિક કર્યા છે.

એફબીઆઈના જાહેર કરાયેલા દસ્તાવેજોમાં કહેવામાં આવ્યું છે કે, 1960ના દાયકામાં કેટલાક લોકોએ યુએફઓમાંથી નાના કદના રહસ્યમય જીવોને બહાર નીકળતા જોયા હોવાનો દાવો કર્યો હતો.

એફબીઆઈ રેકોર્ડમાં જણાવાયું છે કે, "કેટલાક સાક્ષીઓએ દાવો કર્યો કે તેમણે આ ઓબ્જેક્ટ્સમાંથી બહાર નીકળતા ક્રૂ મેમ્બર્સને જોયા હતા." રિપોર્ટ મુજબ આ જીવોની લંબાઈ આશરે સાડા ત્રણથી ચાર ફૂટ જણાવવામાં આવી. સાક્ષીઓએ કહ્યું કે તેઓ સ્પેસ સૂટ અને હેલ્મેટ જેવા કપડાં પહેરેલા હતા.

એફબીઆઈના દસ્તાવેજોમાં કહેવામાં આવ્યું છે કે, 1965માં વિશ્વભરમાં સૌથી વધુ યુએફઓ દેખાવાની ઘટનાઓ નોંધાઈ હતી.

આ ફાઇલોમાં સૌથી વધુ ચર્ચા નાસાના એપોલો મિશન સાથે જોડાયેલી તસવીરો અને અવકાશયાત્રીઓની વાતચીતને લઈને થઈ રહી છે.

જાહેર કરાયેલા દસ્તાવેજોમાં નાસાના એપોલો 12 અને એપોલો 17 મિશન સાથે જોડાયેલી તસવીરો અને વાતચીતના રેકોર્ડ પણ સામેલ છે. એક તસવીરમાં ચંદ્રની સપાટી ઉપર આકાશમાં ત્રણ રહસ્યમય બિંદુઓ દેખાતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

સૌથી રસપ્રદ ભાગ એપોલો 17 મિશનનો ટ્રાન્સક્રિપ્ટ માનવામાં આવી રહ્યો છે. તેમાં અવકાશયાત્રીઓ ઉડાન દરમિયાન અવકાશયાન પાસે ચમકતી વસ્તુઓ દેખાવાની વાત કરતા સંભળાઈ રહ્યા છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે થોડા મહિના પહેલા સંરક્ષણ મંત્રી પીટ હેગસેથને યુએફઓ અને કથિત એલિયન ગતિવિધિઓ સાથે જોડાયેલા રેકોર્ડ જાહેર કરવાનો આદેશ આપ્યો હતો.

**પેજ 3**

## પ્રેમાનંદ મહારાજના ચરણોમાં ઝૂકીને 'કૃષ્ણાવતારમ' એક્ટરે આશીર્વાદ લીધા




મુંબઈ, તા. ૯: તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'કૃષ્ણાવતારમ' આજકાલ બોક્સ ઓફિસ અને સોશિયલ મીડિયા પર છવાયેલી છે, પરંતુ આ સફળતા પાછળ એક એવી આધ્યાત્મિક વાર્તા છુપાયેલી છે જેણે અભિનેતા સિદ્ધાર્થ ગુપ્તાનું જીવન બદલી નાખ્યું. પડદા પર ભગવાન કૃષ્ણની ભૂમિકા ભજવી રહેલો સિદ્ધાર્થ ફિલ્મની રિલીઝ પહેલાં પોતાની માતાની એક વિશેષ ઇચ્છા પૂરી કરવા વૃંદાવન પહોંચ્યો હતો. ત્યાં તેમણે પ્રેમાનંદ મહારાજજી સાથે મુલાકાત કરી અને તેમના આશીર્વાદ લીધા હતા. સિદ્ધાર્થ માટે આ અનુભવ માત્ર ફિલ્મના પ્રમોશનનો ભાગ નહોતો, પરંતુ એક ઊંડો ભાવનાત્મક પ્રવાસ હતો, જે તેણે હવે પોતાની ફિલ્મને મળી રહેલા પ્રેમની વચ્ચે દર્શકો સાથે શેર કર્યો છે.

# પુતિનનો 'વિક્ટરી ડે': ડ્રોન હુમલાના ડર વચ્ચે ફિક્કી પરેડ

**મોસ્કોના** રેડ સ્ક્વેરમાં પરંપરાગત પરેડમાં આ વખતે અનેક શસ્ત્રોનું પ્રદર્શન ટાળવામાં આવ્યું

**૨૦** વર્ષમાં પ્રથમવાર ટેન્ક-મિસાઈલો ગેરહાજર



**ઝેલેન્સ્કીએ પરેડ પહેલા રશિયાની ઠેકડીઓ ઉડાવી હતી**

યુક્રેનિયન પ્રમુખ ઝેલેન્સ્કીએ આ અઠવાડિયાની શરૂઆતમાં એવો દાવો કરીને આ અપમાનમાં ઉમેરો કર્યો હતો કે રશિયન સત્તાવાળાઓ 'ડરે છે કે ૯ મેના રોજ રેડ સ્ક્વેર પર ડ્રોન ઉડી શકે છે.' ત્યારબાદ તેમણે રશિયાને સુરક્ષિત રીતે પરેડ યોજવાની મંજૂરી આપતું એક નકલી 'ફરમાન' બહાર પાડીને ક્રેમલિનની વધુ મજાક ઉડાવી હતી, જેમાં જાહેર કરવામાં આવ્યું હતું કે રેડ સ્ક્વેર કામચલાઉ ધોરણે યુક્રેનિયન હુમલાઓ માટે પ્રતિબંધિત વિસ્તાર છે.

મોસ્કો, તા. ૯: રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને આજે અસાધારણ સુરક્ષા ભય અને યુક્રેનિયન પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીના કટાક્ષ વચ્ચે રેડ સ્ક્વેર પર રશિયાની વાર્ષિક 'વિક્ટરી ડે' પરેડનું નિરીક્ષણ કર્યું હતું. સૈન્ય પ્રદર્શનમાં માત્ર ફાઈટર જેટ્સનું ફ્લાયઓવર જોવા મળ્યું હતું, પરંતુ યુક્રેનિયન ડ્રોન હુમલાના જોખમે ભવ્યતા છીનવી લીધી. બીજા વિશ્વયુદ્ધમાં નાઝી જર્મનીના પરાજયની યાદમાં યોજાતા આ ભવ્ય સૈન્ય પ્રદર્શનનું આયોજન ક્રેમલિન દ્વારા યુક્રેનિયન ડ્રોન હુમલાના જોખમ હેઠળ કરવામાં આવ્યું હતું, જેના કારણે અધિકારીઓને લશ્કરી સાધનોના પરંપરાગત પ્રદર્શનમાં કાપ મૂકવાની ફરજ પડી હતી. જોકે, આકર્ષણનું કેન્દ્ર ઉત્તર કોરિયાના સૈનિકો રહ્યા હતા, જે બંને દેશો વચ્ચેની ગાઢ સૈન્ય ભાગીદારી દર્શાવે છે. ક્રેમલિને આ ફેરફાર માટે 'વર્તમાન ઓપરેશનલ સ્થિતિ'ને જવાબદાર ગણાવી હતી.કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને લાઓસના પ્રમુખો સહિત બેલારુસના નેતા લુકાશેન્કો હાજર રહ્યા હતા. સ્લોવાકિયાના વડાપ્રધાન રોબર્ટ ફિકોએ પુષ્પાંજલિ અર્પણ કરી પુતિન સાથે મુલાકાત કરી હતી, પરંતુ તેઓ મુખ્ય પરેડથી દૂર રહ્યા હતા. લગભગ બે દાયકામાં પ્રથમ વખત, કોમ્બેટ જેટ્સના પ્રતીકાત્મક ફ્લાયઓવર સિવાય, પરેડમાંથી ટેન્કો, મિસાઈલ લોન્ચર્સ અને અન્ય ભારે હથિયારો ગેરહાજર રહ્યા હતા.

# દિલ્હીમાં આતંકી હુમલાનું હાઈ એલર્ટ: BJP મુખ્યાલય નિશાન પર?

**ભાજપ** હેડક્વાર્ટર-સરકારી ઈમારતોની સુરક્ષા વધારાઈ



નવી દિલ્હી, તા. 9: ઈન્ટેલિજન્સ એજન્સીઓએ દિલ્હીમાં આતંકવાદી હુમલાનું એલર્ટ જાહેર કર્યું છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈએ સૂત્રોના આધારે આ જાણકારી આપી છે. એજન્સીના જણાવ્યા અનુસાર, ભાજપ મુખ્યાલય અને આસપાસની સરકારી ઈમારતોની સુરક્ષા કડક કરી દેવામાં આવી છે.

એજન્સીઓને શંકા છે કે, દીન દયાળ ઉપાધ્યાય (ડીડીયુ) માર્ગ સ્થિત કાર્યાલયોને આત્મઘાતી હુમલાઓ, કાર બ્લાસ્ટ, ગોળીબાર અથવા આઈઈડી દ્વારા નિશાન બનાવવામાં આવી શકે છે. કોઈપણ જોખમને ટાળવા માટે સુરક્ષા દળોએ દેખરેખ અને સાવચેતીનાં પગલાં વધારી દીધાં છે. પોલીસ અને સુરક્ષા દળોએ વધારાના જવાનોની તૈનાતી, ચેકિંગ અને સીસીટીવી સર્વેલન્સ વધારી દીધું છે. શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખવા માટે બેરિકેડિંગ અને વાહનોના રેન્ડમ ચેકિંગની સાથે-સાથે સુરક્ષા એજન્સીઓ કોઈપણ સંભવિત ખતરાને રોકવા માટે પરસ્પર તાલમેલથી કામ કરી રહી છે.

બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, સ્નિફર ડોગ યુનિટ્સ અને ક્વિક રિએક્શન ટીમોને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. દિલ્હી ફાયર સર્વિસને પણ સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. પોલીસને સંવેદનશીલ વિસ્તારોમાં શંકાસ્પદ ગતિવિધિઓ, લાવારિસ વસ્તુઓ અને ઉભેલા વાહનો પર કડક નજર રાખવા માટે કહેવામાં આવ્યું છે.

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે 10 નવેમ્બરના રોજ સાંજે 6.52 વાગ્યે આતંકી હુમલો થયો હતો. આતંકવાદીએ ચાલતી કારમાં વિસ્ફોટ કર્યો હતો. આ વિસ્ફોટમાં 13 લોકોનાં મોત થયાં હતાં અને 20થી વધુ લોકો ઘાયલ થયા હતા.

# કેનેડામાં દંપતીની હત્યા: ભારતીય મૂળના ત્રણ યુવાનો દોષિત

**પૂર્વઆયોજિત** કાવતરું: આર્થિક લાલચમાં વૃદ્ધ દંપતીની ક્રૂર હત્યા

એબટ્સફોર્ડ (કેનેડા): તા. 9: સ્થાનિક બ્રોડકાસ્ટર સીબીસી ન્યૂઝ અનુસાર, કેનેડાની એક અદાલતે એબટ્સફોર્ડમાં એક દંપતીની હત્યાના કેસમાં ભારતીય મૂળના ત્રણ વ્યક્તિઓને ફર્સ્ટ-ડિગ્રી મર્ડર (પૂર્વઆયોજિત હત્યા) માટે દોષિત જાહેર કર્યા છે.

આર્નોલ્ડ અને જોન ડી જોંગ મે 2022માં તેમના એબટ્સફોર્ડ સ્થિત નિવાસસ્થાને મૃત હાલતમાં મળી આવ્યા હતા.

બ્રોડકાસ્ટરના અહેવાલ મુજબ, ઘટનાના ચાર વર્ષ પછી બ્રિટિશ કોલંબિયા સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બ્રેન્ડા બ્રાઉને શુક્રવારે ચુકાદો આપ્યો હતો કે, ગુરકરણ સિંઘ, અભિજીત સિંઘ અને ખુશવીર તૂરે દંપતીની હત્યામાં ઈરાદાપૂર્વક અને મુખ્ય ભૂમિકા ભજવી હતી.

અહેવાલમાં જણાવાયું છે કે, ન્યાયાધીશે પ્રોસિક્યુટર્સ (સરકારી પક્ષ)ની એ દલીલ સાથે સહમતી દર્શાવી હતી કે, આ હત્યાઓ આર્થિક લાલચથી પ્રેરાઈને કરવામાં આવી હતી અને બચાવ પક્ષની એ દલીલોને ફગાવી દીધી હતી કે, આ મૃત્યુ લૂંટ દરમિયાન થયેલી ભૂલનું પરિણામ હતું.

પ્રોસિક્યુટર્સે કોર્ટને જણાવ્યું હતું કે, આ ત્રણેય માણસોએ મળીને દંપતીને લૂંટવા અને મારવા માટેનું આયોજન કર્યું હતું, અને તેઓએ ઘરમાંથી ક્રેડિટ કાર્ડ્સ, ચેક અને પાવર વોશરની ચોરી કરી હતી.

# પંજાબના ઉદ્યોગ મંત્રી સંજીવ અરોરાની ED દ્વારા ધરપકડ

**GST** કૌભાંડમાં કાર્યવાહી:100 કરોડના મની લોન્ડરિંગનો ગંભીર આરોપ

નવી દિલ્હી/ચંદીગઢ, તા. 9 (PTI): અમલીકરણ નિર્દેશાલય (ઈડી)એ શનિવારે પંજાબના ઉદ્યોગ મંત્રી સંજીવ અરોરાની ધરપકડ કરી છે. તેમની સાથે સંકળાયેલી કેટલીક સંસ્થાઓ સાથે જોડાયેલા અંદાજે રૂ. 100 કરોડના જીએસટી ફ્રોડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પાડવામાં આવેલા દરોડા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આપ વડા અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ઈડીની કાર્યવાહીની નિંદા કરી હતી અને કેન્દ્ર પર આરોપ લગાવ્યો હતો કે તેઓ વિપક્ષી નેતાઓને ભાજપમાં જોડાવા માટે ડરાવી-ધમકાવીને ઈડી અને સીબીઆઈ જેવી એજન્સીઓનો 'હથિયાર' તરીકે ઉપયોગ કરી રહ્યા છે. જોકે, ભાજપે વળતો પ્રહાર કરતાં કહ્યું કે, આપ સુપ્રિમો અને તેમની પાર્ટી ગભરાઈ ગઈ છે. કારણ કે, તેઓ જાણે છે કે પંજાબમાં તેમના દિવસો ગણાઈ રહ્યા છે." અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચંદીગઢમાં 62 વર્ષીય અરોરાના સત્તાવાર નિવાસસ્થાને વહેલી સવારે દરોડા પાડ્યા બાદ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ તેમની અટકાયત કરવામાં આવી હતી.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
+(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**કમ્પલીટ ફાર્મહાઉસ**
કાંટાતાર ફેન્સીંગ દરવાજો રેઝર કોઈલ ફિટિંગ RCC દિવાલ આંબા, ચીકુ નારેળેરી ગાર્ડન ડેવલપ ખાતરીપૂર્વક કરી આપીશું. 9924337821 (80)

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા, ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (84)

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઓફર ઓફર**
હાર્ડવેર, ટૂલ્સ, નટ- બોલ્ટ, પ્લાસ્ટિક તારપાઉલીન, G, I, M, S પાઈપ ફિટિંગ, ગ્રીન નેટ, કાથાદોરી, ફાઉન્ડેશન બોલ્ટ, ફિક્સ અને રિંગ પાના, લોખંડ ના હેવી રેક અને ઘોડા તેમજ બિલ્ડિંગ મટીરિયલ સંબંધિત તમામ સામાન મેક્સિમમ ડિસ્કાઉન્ટ માં આપવાનો છે 7990712433

**KRUPA ENTERPRISE**
તમારાં ઘરને બનાવો વોટરપ્રુફ, વોટરપ્રુફીંગ, -ચાઇના મોઝિક, રુટા વોટર પ્રુફીંગ, ભેજ ટ્રિટમેન્ટ, કલર કામ, ટાઇલ્સનાં કામ કરી આપવામાં આવશે.
સંપર્ક :- જયદિપ રાવલ
+91 97145 30031
+91 99139 23462

મિલ્કત ભાડેથી

**ભાડે આપવાનું છે**
(1) ફ્લેટ 804, શુભમ- 2 સરગમ શોપિંગ સેન્ટર પાછળ 2000 Sq.Ft., (2)બંગલો ફૂલ્લી ફર્નિશ્ડ 4 BHK 10, સારથી બંગલો, રાજહંસ સિનેમા પાછળ, પિપલોદ (3) સેમી ફર્નિશ્ડ ઓફિસ 504/ સી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, રિંગરોડ સુરત. મળો 9925039398 (83)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**ચાલો પવિત્ર અધિક**
મહિનામા હરીદ્વાર, ગંગા સ્નાન સાથે ખાટું શ્યામ, વૃંદાવન, મથુરા તથા અન્ય દિન- 8, મો. 9726132466 (82)

**ૐશિવ ટ્રાવેલ્સ**
15- મેં, અધિકમાં (હરિદ્વાર, મથુરા, વૃંદાવન, બરસાણા, જયપુર) (કાશી વિશ્વનાથ, અયોધ્યા, પ્રયાગરાજ, ચિત્રકુટ) 13, 20, 27, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, 21, 28, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**ભાડાની Fix આવક**
થાય તેવા રોકાણકાર માટે જોલી આર્કેડ, ઘોડ દોડ રોડ પર મોકાની દુકાન વેચવાની છે.
551 + 400 SqFeet ની
Contact 9825522668

નોકરી વિષયક

**ટેલિ એકાઉન્ટનો**
૫ વર્ષ અનુભવી ૧, અકાઉન્ટ મહિલા કર્મચારી ૧, માર્કેટિંગ સ્ટાફ ૧, મોબાઈલ ૯૯૧૩૭૧૫૫૫૯ Insulationsaone@gmail.com (85)

**હાર્ડવેરની દુકાનમાં**
કામ કરવા માટે માણસની જરૂર છે Mo:- 9898063315

**ઉઘરાણીનાં કામ માટે**
માણસની જરૂર હોય તો કહેજો બાઈક છે. 8488968543

**જોઈએ છે**
સ્કૂલબસ માટે ડ્રાઈવર-4, કંડકટર-3, ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204827

મિલ્કત વેચવાની છે

**(1) કબજા સહીત મિલકત**
વેચવાની છે. ઉધના- મગદલ્લા રોડની સોસા. માં G+ 1.5 માળ. (2) મેઈન રોડ ટચ 3 BHK નો ફ્લેટ વેચવાનો છે. ઘોડદોડ રોડ 9033528110 (81)

**વેચવાનું / ભાડે પણ**
આપવાનું છે નોવા રેસ્ટોરન્ટ ની ઉપર પહેલા માળે પરવત પાટીયામા 2150 સ્કેવર ફૂટ જગ્યા ભાડે અથવા વેચવાની છે. પાર્કીંગ 2 વ્હીલર, વોશરૂમ, ઈલેક્ટ્રીસીટી પાણીની પાઈપલાઈન જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે ભવિષ્યમા ફાયદા- મેટ્રો સ્ટેશન પગપાળા, બેંક ઓફીસ, રેસ્ટોરન્ટ, શોરૂમ માટે ઉત્તમ- વધુ ડીટેલ માટે સંપર્ક કરો. JD રીયલ સ્ટેટ બ્રોકર દુકાન નં ૩૦૩, સંસ્કૃતિ એસી. માર્કેટ પુણા પાટીયા, પર્વત ખાડી સુરત મો. 8733012363

**પ્લોટ વેચવાનો છે**
કીમ કુરસદ,નેશનલ હાઈવે 8 થી અડધો કિલોમીટર અંદર, અમૃત ઈન્ડસ્ટ્રીઝ, સ્વામીનારાયણ મંદિર પાછળ, 1550- વાર, 9427811344, 9879913894

**નાનપુરા વિસ્તારમાં**
એક રૂમ + રસોડું વેચવાનું છે 10.5 લાખમાં. લીફ્ટ છે ફોન કરીને આવવું ફોન નં 9909140690

**NA પ્લોટ વેચવાનો**
છે સાંધીયેર ગામ રોડટચ, 110x14, 171 વાર (દલાલ આવકાર્ય) 9274918978

**દુકાન વેચવાની**
અડાજણમાં ટોપ લોકેશન રનીંગ ધંધો બેઠેબેઠુ સેટઅપ બે લાખ માસીક આવકવાળી 91576-22115

**ભટાર રોડ**
2 BHK ફ્લેટ વેચવાનો છે 9825088402, 9825919637

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.